# મેલડી માતાની આરતી

આરતી ઉતારો રે આશાપુરા માની આરતી ઉતારો રે મેલડી માની જય મેલડી માત, જય મેલડી માત દુઃખડા હરનારી, સુખડા આપનારી, જય મેલડી માત આરતી ઉતારો રે મેલડી માની.

મા તારા ડુંગર પર દીવડા ઝળહળે માડી તારા મંદિરમાં ઘુઘરા રણઝણે માડી તારા મંદિરમાં ઘુઘરા રણઝણે જય મેલડી માત...

મેલડી માડીની ચુંદડી રાતી, મેલડી માડીની ચુંદડી રાતી, શોભે અંગ ઉપર સવા લાખની ભાતી શોભે અંગ ઉપર સવા લાખની ભાતી જય મેલડી માત...

ચોસઠ જોગણીયો ભેળી થઈ છે માડી, ચોસઠ જોગણીયો ભેળી થઈ છે માડી, મસાલ લઈને સાથે ફરે છે જોગણીયો, મસાલ લઈને સાથે ફરે છે જોગણીયો, જય મેલડી માત...

આરતી ઉતારો રે મેલડી માની, આરતી ઉતારો રે મેલડી માની, દુઃખડા હરનારી, સુખડા આપનારી, જય મેલડી માત આરતી ઉતારો રે મેલડી માની.

All PDF Collection
PDF Seva
© www.PDFSeva.com